# નિયમ સંગ્રહ-૧

## નાગરિક ઉડ્ડયનની વિગતો, કાર્યો અને ફરજો

### ૨.૧ નાગરિક ઉડ્ડયનનો ઉદ્દેશ/હેતુ :

નાગરિક ઉડ્ડયન વિભાગ દ્વારા રાજ્ય સરકારના વિમાન/હેલિકોપ્ટરના નિભાવ, સંચાલન અને જાળવણીની કામગીરી તથા મહાનુભાવોના અગત્યના સરકારી કામો અંગેના પ્રવાસો માટે વિમાન/ હેલિકોપ્ટરને સતત ઉડ્ડયન કક્ષામાં રાખવાની વ્યવસ્થા કરવાની કામગીરી સંભાળવામાં આવે છે.

### ૨.૨ નાગરિક ઉડ્ડયનનું મીશન /દૂરંદેશીપણું (વિઝન)

- રાજ્ય સરકારે નાગરિક ઉડ્ડયન તથા પ્રવાસ, યાત્રાધામ અને ઉદ્યોગોના વિકાસ માટે ૧૧ નવી હવાઇપટ્ટીઓ બનાવવાનું વિચારેલ છે. સરકારશ્રી તરફથી હાલમાં ૯ જગ્યાએ હવાઇપટ્ટીઓ બનાવવા મંજૂરી મળેલ છે. પ્રથમ તબક્કામાં અંકલેશ્વર, અંબાજી, પાલિતાણા તથા દ્વારકા ખાતે હવાઇપટ્ટી બનાવવાનું આયોજન છે.
- રાજ્યમાં હયાત એરપોર્ટસ/હેલીપેડસ વગેરેના વિકાસ તેમજ નવા એરપોર્ટસ/હેલીપેડસ/ હેંગર બનાવવા અને એરપોર્ટસ/હેલીપેડસ ખાતે જરૂરી સવલતો/સુવિધાઓ પુરી પાડવાનું આયોજન છે.
- રાજ્યમાં ઉડ્ડયન તાલીમ સંસ્થા, વિમાન/હેલિકોપ્ટરની મરામત, સંચાલન અને જાળવણી અંગે અંકલેશ્વર ખાતે MRO HUB (Maintenance Repair & Overhaul Hub) બનાવવાનું આયોજન છે.
- રાજ્યમાં નવી મુલ્કી વિમાનન નિતિ (Civil Aviation Policy) તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં છે.
- રાજ્યના પ્રવાસન અને યાત્રાધામના સ્થળોના વિકાસ માટે સોમનાથ, દ્વારકા, દિવ, પાલિતાણા, અંબાજી, સાસણગીર જેવા પ્રવાસ/યાત્રાધામના સ્થળોએ હેલિકોપ્ટર સેવા શરૂ કરવાનું આયોજન છે.
- રાજ્યમાં ઉડ્ડયન ક્ષેત્રે ખાનગી ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે રાજ્યના મહત્વના સ્થળોએ વિવિધ એરો સ્પોર્ટસ, એરો મૉડેલિંગ તથા અન્ય ઉડ્ડયનને લગતી પ્રવૃતિ કરવા માટેનું આયોજન છે.
- રાજ્યમાં ઉડ્ડયન ક્ષેત્રને મજબુત કરવાના હેતુથી નાગરિક ઉડ્ડયન વિભાગે સ્થાપેલ ગુજરાત સ્ટેટ એવીએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમીટેડ ગુજસેલ (નામની સરકારી કંપની) મારફત રાજ્યમાં એવીએશન પાર્ક બનાવવાનું આયોજન છે.
- કાયદા વિભાગ સાથે મળીને ગુજસેલ કંપની દ્વારા હેલિકોપ્ટર વડે પોલીસને લગતી પ્રવૃતિ, એન્ટી નક્ષલ પ્રવૃતિ કરવામાં આવશે, જે માટે એરબોર્ન લો ઇન્ફોર્સમેન્ટ કમીટીની રચના કરેલ છે.

### ૨.૩ નાગરિક ઉડ્ડયનનો ટુંકો ઇતિહાસ અને તેની રચનાનો સંદર્ભ.

ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી.માં અલગ વિભાગ તરીકે વર્ષ-૧૯૭૩માં રાજ્યમાં નાગરિક ઉડ્ડયન પ્રવૃતિની શરૂઆત થયેલ. નાગરિક ઉડ્ડયન વિભાગ સંપૂર્ણ રીતે રાજ્ય સરકાર હસ્તક છે. વર્ષ-૧૯૭૩માં વિભાગની સ્થાપનાનો મુખ્ય હેતુ ખેડૂતોને મદદરૂપ થવા માટેનો હતો. જેમાં

ખેડુતોના ખેતરમાં ઊભેલા જુદા જુદા પાક જેમ કે શેરડી, કપાસ, મગફળી, તુવર વગેરેમાં હેલિકોપ્ટર/ ફીક્સડ વિંગ એરક્રાફ્ટ દ્વારા દવા છંટકાવ કરવાની પ્રવૃતિ કરવામાં આવતી હતી.

વર્ષ-૧૯૮૦માં વરસાદની અછતના સમયે વિભાગ દ્વારા એરક્રાફ્ટથી વાદળોમાં દવા છંટકાવ કરી કૃત્રિમ વરસાદ વરસાવવા માટેની કામગીરી પણ કરવામાં આવતી હતી.

વર્ષ-૧૯૯૦થી મહાનુભાવો માટે વિમાન/હેલિકોપ્ટરના અગત્યના પ્રવાસો માટે આયોજન કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ.

દેશ તથા રાજ્યમાં મુલ્કી વિમાનન પ્રવૃત્તિમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે, જેથી રાજ્યમાં મુલ્કી વિમાનન ક્ષેત્રનો યોગ્ય ઝડપી તથા વ્યવસ્થીત વિકાસ કરવા રાજ્ય સરકાર દ્વારા નિયામકશ્રી, નાગરિક ઉડ્ડયનની નિમણૂંક કરેલ છે, અને નિયામકશ્રી, નાગરિક ઉડ્ડયનની કચેરી અને ગુજરાત સ્ટેટ એવીએશન ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની લી. (ગુજસેલ) નામની નવી કંપની ઊભી કરવામાં આવેલ છે.

હાલમાં ગુજરાત સરકાર પાસે એક ટર્બોપ્રોપ એરક્રાફ્ટ અને એક ડોફીન એન-૩ હેલિકોપ્ટર છે. ગુજરાત રાજ્યમાં કૂલ ૧૭ એરપોર્ટ/એરસ્ટ્રીપ આવેલ છે, તેમાંથી માંડવી, મહેસાણા અને અમરેલી એમ કુલ ત્રણ હવાઇપટ્ટી રાજ્ય સરકાર હસ્તક છે.

## ૨.૪ નાગરિક ઉડ્ડયનની ફરજો

નાગરિક ઉડ્ડયન દ્વારા રાજ્ય સરકારના વિમાન અને હેલિકોપ્ટરના નિભાવ, સંચાલન અને જાળવણીની કામગીરી સંભાળવામાં આવે છે તથા મહાનુભાવોના અગત્યના સરકારી કામો અંગેના પ્રવાસો માટે વિમાન અને હેલિકોપ્ટરને સતત ઉડ્ડયન કક્ષામાં રાખવાની વ્યવસ્થા કરવાની કામગીરી તેમજ મહાનુભાવોના અગત્યના પ્રવાસોમાં રૂકાવટ ન આવે તે માટે ખાનગી કંપનીઓના વિમાન/હેલિકોપ્ટર ભાડેથી મેળવવાની મહત્વની કામગીરી કરવામાં આવે છે.

## ૨.૫ નાગરિક ઉડ્ડયનની મુખ્ય પ્રવૃતિ /કાર્યો.

- રાજ્ય સરકારનું નાગરિક ઉડ્ડયન વિભાગ સરકારના મહાનુભાવોના અગત્યના પ્રવાસ કાર્યક્રમો માટે ઉડ્ડયનનું આયોજન કરવાની અનિવાર્ય સેવાઓ સાથે સંકળાયેલું છે.
- તે રાજ્ય સરકારના એરક્રાફ્ટ અને હેલિકોપ્ટરની જાળવણીની કામગીરી પણ સંભાળે છે. રાજ્યમાં નાગરિક ઉડ્ડયન માટે આંતરમાળખાકીય સુવિધાઓ જેવીકે, હવાઇપટ્ટી, હવાઇઅડ્ડા, હેંગરની સુવિધાઓ વગેરે વિકાસના કામો માટે માર્ગ અને મકાન વિભાગને નાગરિક ઉડ્ડયન વિભાગ દ્વારા કામગીરી સોંપવામાં આવે છે.
- સરકાર હસ્તકના વિમાન અને હેલિકોપ્ટરના મરામત, ઇન્સ્પેકશન અંગેની કામગીરીના સમયે ઉડ્ડયન બંધ કરવામાં આવે, તે સમયે મહાનુભાવોના અગત્યના પ્રવાસો માટે ખાનગી કંપનીઓના વિમાન/હેલિકોપ્ટર, નાગરિક ઉડ્ડયન કચેરી દ્વારા ભાડેથી મેળવવાની કામગીરી.
- નાગરિક ઉડ્ડયન તથા પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે નવી કંપની M/s Gujarat State Aviation Infrastructure Company Ltd. (GUJSAIL)ની રચના કરવામાં આવેલ છે. આ કંપની સ્વાયત્ત

સંસ્થા તરીકે વ્યાવસાયિક રીતે કામ કરશે. આ કંપનીનો મુખ્ય હેતુ ઉડ્ડયન ક્ષેત્રનું માળખું તૈયાર કરવાનું તેમજ રનવે, હેલીપેડનું બાંધકામ, ડીઝાઇન અને આધુનિકરણ કરવાનું છે, તેમજ ઉડ્ડયન માટેની ટ્રેનિંગ સંસ્થા, ગ્રાઉન્ડ અને કાર્ગો હેન્ડલીંગ સર્વિસ વિગેરેનું છે.

- રાજ્યમાં હયાત એરસ્ટ્રીપ્સ/હેલીપેડસ વગેરેના વિકાસ તેમજ નવા એરસ્ટ્રીપ/એરપોર્ટસ/ હેલીપેડસ/ હેંગર બનાવવા અને તેમાં જરૂરી સવલતો/સુવિધાઓ પુરી પાડવા તથા આ અંગેનો અભ્યાસ કરી તેનો વિસ્તૃત અહેવાલ તૈયાર કરવા અને રાજ્યમાં નવી મુલ્કી વિમાનન નિતિ તૈયાર કરવી, રાજ્યમાં એક એવીએશન પાર્ક બનાવવું વગેરે કામગીરી માટે એક કન્સલટન્સી એજન્સી નિયુક્ત કરવી વગેરે માટે ગુજરાત સ્ટેટ એવીએશન ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની (GUJSAIL) ની રચના કરવામાં આવેલ છે.
- રાજ્યમાં આવેલ હેલિપેડ ઉપર ખાનગી હેલિકોપ્ટરનું ઉતરાણ કરવા માટે જે તે ખાનગી ઓપરેટરોએ અત્રેથી પરવાનગી મેળવવાની રહે છે. ત્યારબાદ જે તે જિલ્લાના કલેકટરશ્રી દ્વારા ઉતરાણ માટે મંજૂરી આપવામાં આવે છે.

**૨.૬ નાગરિક ઉડ્ડયન દ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષિપ્ત વિવરણ.**

આ વિભાગ દ્વારા ઉપર દર્શાવેલ પ્રવૃતિ અને કાર્યો હાથ ધરવામાં આવે છે.

**૨.૭ નાગરિક ઉડ્ડયનની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષા.**

ઉપરોક્ત દર્શાવેલ કાર્યો અને પ્રવૃતિઓ અંગે ઉપયોગી અને અમલી થઇ શકે તે મુજબના સૂચનો કરવામાં આવે તેવી અપેક્ષા.

**૨.૮ સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર.**

નીચે દર્શાવેલ નામ, સરનામે વ્યક્તિઓ પત્ર લખીને, ટેલીફોન દ્વારા, ઇમેલ દ્વારા કે રૂબરૂ સંપર્કથી સહયોગ માટે સંપર્ક કરી શકે છે.

**૨.૯ કચેરીનું સરનામું :**

નિયામક, નાગરિક ઉડ્ડયનની કચેરી, ગુજરાત રાજ્ય
ગુજસેલ કોમ્પલેક્ષ,
ટોરેન્ટ સબ સ્ટેશનની બાજુમાં, સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્ટરનેશન એરપોર્ટ,
અમદાવાદ-૩૮૦૦૦૪.

**૨.૧૦ કચેરીના કામકાજનો સમય :**

| | |
|---|---|
| કચેરી શરૂ થવાનો સમય | : સવારે ૧૦:૩૦ કલાકે. |
| કચેરી બંધ થવાનો સમય | : સાંજના ૦૬:૧૦ કલાકે. |